ગાંધીનગરથી દર પહેલી અને સોળમી તારીખે પ્રકાશિત થતું પાક્ષિક

R.N.I. No. GUJGUJ/2014/58000

Registered under RNI No. GUJGUJ/2014/58000 Permitted to post at SRO,GANDHINAGAR-382010 on 1st & 16th date of every month under Postal Regd No G-GNR-317 issued by SSP GNR valid up to 31-12-2017

# દયાનંદ ટાઈમ્સ પાક્ષિક

Dayanand times (Fortnightly) Gandhinagar

વર્ષ : ૨ ● અંક : ૦૨ ● મુખ્ય સંપાદક : અરવિંદ રાણા ● તંત્રી : હરીશ રાણા ● તારીખ : ૧૬-૦૪-૨૦૧૫, ગુરુવાર R.N.I. No. GUJGUJ/2014/58000 ● કિંમત : રૂ. ૬.૦૦ ● પાના : ૪

### સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા, નવી દિલ્લી પ્રરિત

# ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજીત ત્રિદિવસીય ચિંતન શિબિર આર્યસમાજ, સુરત ખાતે સંપન્ન

સાર્વદેશિક આર્ય પ્રતિનિધિ સભા, નવી દિલ્લી દ્વારા પ્રરિત તથા ગુજરાત આર્ય પ્રતિનિધિ સભા દ્વારા આયોજીત ત્રીજી




ત્રિદિવસીય આવાસીય આધ્યાત્મિક, સૈદ્ધાંતિક અને સાંગઠનિક ચિંતન શિબિરનું આયોજન આર્યસમાજ, સુરત ખાતે ગત તા. ૩ થી ૫ એપ્રિલ, ૨૦૧૫ના રોજ કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતમાંથી લગભગ ૬૦ જેટલા શિબિરાર્થીઓએ આ ત્રિદિવસીય આવાસીય શિબીરમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ત્રણ દિવસ સુધી ચાલેલી આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ આર્ય સમાજના પદાધિકારીઓ, આર્ય સભાસદો તથા આર્ય સદસ્યોને આર્યસમાજની માન્યતાઓનો પરિચય કરાવવો, આર્યસમાજના સંચાલનની યોગ્યતા પ્રાપ્ત કરાવવાનો, લોકો સુધી આર્યસમાજની વિશેષ ઓળખ પ્રસથાપિત કરવાનો તથા વૈદિક ધર્મ તથા સંસ્કૃતિનો પ્રચાર પ્રસાર વધારવા માટે તેમને પ્રેરણા આપવાનો હતો.

આ ચિંતન શિબિરમાં આર્યસમાજના સંગઠનનું સ્વરૂપ તેની વિશેષતાઓ અને પદાધિકારીઓની જવાબદારીઓ, વ્યવહારભાનુ તથા તેની ઉપયોગીતા, આર્યસમાજના સિદ્ધાંતપક્ષ તથા આર્યોદ્દેશ રત્નમાલા ઉપરાંત આર્યસમાજની લોકપ્રિયતા વધારવા માટેના પ્રયાસો આ વિષયો ઉપર ત્રણ દિવસ સુધી સતત ગહન ચિંતન કરવામાં આવ્યું હતું.

આ શિબિરમાં ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલ, મંત્રી શ્રી હસમુખભાઈ પરમાર, રાજકોટ આર્યસમાજના પ્રમુખ શ્રી રણજીતસિંહ પરમાર, પોરબંદર આર્યસમાજના મંત્રી શ્રી ધનજીભાઈ સહિત અનેક આર્યસમાજોના પ્રતિનિધિઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ શિબિરના મુખ્ય યજમાન આર્યસમાજ, સોની ફળિયા, સુરત દ્વારા શિબિરમાં ભાગ લેવા આવેલા તમામ શિબિરાથીઓ માટે ઉત્તમ આવાસીય વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. શિબિરાર્થીઓને રહેવા માટે વાતાનુકુલિત રુમની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઉપરાંત શિબિરાર્થીઓને સવારે સાત વાગ્યે નાસ્તો, ૧૦ વાગ્યે ફળ-ફળાદી અને જ્યુસ, બપોરે ભોજન, ૩ કલાકે ગરમા-ગરમ નાસ્તો તથા સાંજે ભોજન ની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. અને દરેક શિબિરાર્થીઓએ આ ઉત્તમ વ્યવસ્થા બદલ આર્યસમાજ, સોનીફળીયા, સુરતના પ્રમુખ શ્રી મનમોહનજી આર્ય તથા મંત્રી શ્રી રોહિતભાઈ શર્માનો આભાર વ્યક્ત કર્યો હતો.

ચિંતન શિબિરમાં મુખ્ય માર્ગદર્શક તરીકે શ્રી સોમદેવજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.તેમણે સતત ત્રણ દિવસ સુધી તમામ શિબિરાર્થીઓને આર્યસમાજના વિવિધ સિદ્ધાંતોની જાણકારી આપી હતી.

શિબિરની પૂર્ણાહૂતિ પાંચમી એપ્રિલના રોજ કરવામાં આવી હતી. આ પૂર્ણાહૂતિ સમારોહમાં શિબિરાર્થીઓએ પોતાના અનુભવો તથા વૈદિક વિચારધારાને જન-જન સુધી પહોંચાડવા માટે પોતાના સુચનો



કર્યા હતા.

આર્યસમાજ પોરબંદરના મંત્રી શ્રી ધનજીભાઈએ પોતાના પ્રતિભાવ આપતાં જણાવ્યું હતું કે, આપણે ક્રિણવંતો વિશ્વમ્ આર્યમ્ ને આપણો મુખ્ય ધ્યેય બનાવીને આગળ વધવું જોઈએ. વધુને વધુ લોકોને વૈદિક ધર્મની સાથે જોડવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ આ સતત ચાલતી પ્રક્રિયા છે.

રાજકોટ આર્યસમાજના પ્રમુખ શ્રી રણજીતસિંહ પરમારે પોતાની ચિંતા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આજની યુવા પેઢી આર્યસમાજથી દૂર થઈ રહી રહી છે. આ યુવા પેઢીને જો આપણે વૈદિક ધર્મનું જે જ્ઞાન આપણી પાસે છે તે આપીશું નહિં તો આપણી આ પેઢી વૈદિક ધર્મ લુપ્ત થઈ થઈ જશે. આપણે આપણા બાળકોને આર્યસમાજના વિવિધ કાર્યક્રમોમાં હાજર રાખવા જોઈએ તો જ આ જ્ઞાન આવનારી પેઢીમાં હસ્તાંતરિત થશે. આપણાં પછીની પેઢીને તૈયાર કરવાની આપણી જવાબદારી છે. આ ઉપરાંત આર્યસમાજ અડાજણના શ્રી ભુપેન્દ્રભાઈ વૈદ્ય તથા આર્યસમાજ, સોનીફળિયા, સુરતના શ્રી ઋતપ્રિય આર્યએ પણ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

ગુજરાત પ્રાંતીય આર્ય પ્રતિનિધિ સભાના પ્રમુખ શ્રી સુરેશચંદ્ર અગ્રવાલે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે મહર્ષિ દયાનંદના સ્વપ્નને પુરુ કરવું તેમની વિચારધારાને આગળ વધારવી એ આપણા સૌનું કર્તવ્ય છે. તેમણે આ પ્રકારની શિબિર આર્યસમાજના દ્રષ્ટિકોણથી ખૂબ જ મહત્વની હોવાનું જણાવી વધુ બે સેન્ટરો આર્યસમાજના સિદ્ધાંતો શીખવવા માટે શરુ કરવાની જાહેરાત કરી હતી. આર્યસમાજોમાં યુવા શક્તિને જોડવા માટે કોઈ કાર્યક્રમ ન હોવાનું સ્વીકારતા તેમણે જણાવ્યું હતું કે, યુવાઓના સર્વાંગી વિકાસ માટે રચનાત્મક કાર્યક્રમો બનાવવામાં આવશે જેથી વધુને વધુ યુવાનોમાં વૈદિક ધર્મનો પ્રચાર-પ્રસાર થાય અને તેઓ આર્યસમાજમાં આવતા થાય. તેમણે આર્યસમાજ, સુરતને આવાસ-ભોજન-નાસ્તાની ઉત્તમ વ્યવસ્થા કરવા બદલ હ્રદયપૂર્વક આભાર માન્યો હતો. તેમણે ઉપસ્થિત વિદ્વાનોનો પણ આભાર માન્યો હતો. અંતમાં તેમણે શિબિરાર્થીઓને શિબિરના અનુભવો અને જ્ઞાનને સમાજમાં જઈને અન્ય સભ્યોને માહિતગાર કરવા અનુરોધ કર્યો હતો. આ ત્રિદિવસીય શિબિરનું સફળ સંચાલન શ્રી હસમુખભાઈ પરમારે કર્યું હતું. અંતમાં આર્યસમાજ, સોનીફળીયાના મંત્રી શ્રી રોહિતભાઈ શર્માએ તમામ ઉપસ્થિત મહાનુભાવોનો આભાર માન્યો હતો.






# ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા વૈદ્ય દયાલમુનિ આર્યને ડી. લીટ્. ઉપાધિથી સન્માનિત કરાયા

ટંકારા નિવાસી શ્રી દયાલમુનિ આર્યનું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી- જામનગર દ્વારા ડી. લીટ્.ની માનદ્ ઉપાધિ અર્પણ કરી સન્માન કરવામાં આવેલ છે. મહામહિમ રાજ્યપાલ શ્રી એ.પી. કોહલીના વરદ્ હસ્તે આ ડિગ્રી નમ્ર ભાવે સ્વીકારતા શ્રી દયાલમુનિએ આ સન્માન ઈશ્વરને શરણે ધરી જણાવ્યું હતું કે, હું આર્યસમાજ અને મહર્ષિ દયાનંદનો ઋણી છું. પ્રારંભિક શિક્ષણ માત્ર ૫ ધોરણ સુધીનું મેળવેલ અને ક્યારેય કલ્પના ન હતી કે આટલા શ્રેષ્ઠ સન્માનનો અધિકારી બનીશ.



શ્રી દયાલમુનિએ ગુજરાતી ભાષામાં ચારેય વેદોનો અનુવાદ કરીને પોતાની કીર્તિ ચિરસ્થાયી બનાવી દીધેલ છે. તેમના આ યોગદાન માટે ગત દિવસોમાં આર્યસમાજ ઘાટકોપર તરફથી પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ અગાઉ તેઓને વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોઝડ, અરવલ્લી તરફથી વેદોના અનુવાદ બદલ રૂ. સાત લાખ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી દયાલમુનિ આર્યએ પોતાના તરફથી રૂ. એક લાખ ઉમેરી સમગ્ર રકમ ગુજરાતીમાં વેદોનાં પ્રકાશન અર્થે અર્પણ કરી દીધેલી હતી.

નાના-મોટા અનેક સન્માનોથી સન્માનિત થયેલા શ્રી દાયલમુનિને ભુવનેશ્વરી પીઠ-ગોંડલ દ્વારા આયુર્વેદ ચુડામણિ સન્માન ઉલ્લેખનીય છે.

ટંકારામાં જન્મી આર્યસમાજના રંગે રંગાયેલા શ્રી દયાલમુનિ આર્યસમાજ ટંકારાને પોતાની સંસ્કાર માતા કહે છે. જેનું વિશાળ પુસ્તકાલય તેમના માટે જ્ઞાન ભાથુ બનેલ છે. આથી આર્યાસમાજ ટંકારાને અવાર-નવાર દાન આપી ઋણ ચૂકવવાનો પ્રયાસ કરે છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે,શ્રી દયાલમુનિ આર્યએ આયુર્વેદ કોલેજ, જામનગરથી નિવૃત્ત થયા બાદ આર્યસમાજ, ટંકારાના આયુર્વેદિક દવાખાનામાં સન્ ૧૯૯૨થી આજ પર્યંત નિઃશુલ્ક સેવા આપી છે. અને તેમની આ સેવાનો લાભ અત્યાર સુધી સેંકડો દર્દીઓએ લીધો છે.દયાનંદ ટાઈમ્સ તરફથી શ્રી દયાલમુનિજીને ખૂબ-ખૂબ અભિનંદન......

# આર્યસમાજ, સોનીફળીયા, સુરત દ્વારા શતાબ્દિ વર્ષની ભવ્ય ઉજવણી કરાશે

## કબ્બડી, ક્રિકેટ, કુસ્તી જેવી અનેકવિધ સ્પર્ધાઓનું આયોજન કરાશે

સુરત

આર્યસમાજ,સોનીફળીયા સુરતની સ્થાપનાનું આ ૧૦૦ મુ વર્ષ ચાલી રહ્યું છે. તા. ૦૨-૦૧-૧૯૧૬ના રોજ ગાંધીજીના હસ્તે આર્યસમાજના ભવનનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. અત્રે એ ઉલલેખનીય છે કે આ ભવનમાં પહેલાં ચર્ચની ગતિવિધીઓ થતી હતી. આર્યસમાજ ભવનના ઉદ્ઘાટનમાં તે સમયે ગાંધીજીની સાથે પં. રામચંદ્રજી દેહલવી પણ ઉપસ્થિત રહ્યા હતા.

આર્યસમાજ સોની ફળીયા, સુરતના મંત્રી શ્રી રોહિતભાઈ શર્માએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે આ વર્ષ એ આર્યસમાજની સ્થાપનાનું ૧૦૦ મુ વર્ષ છે અને આ શતાબ્દી વર્ષની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવશે.

નજીકના ભવિષ્યમાં જ આ અંગેનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવશે. આ વર્ષે ગુજરાતની તમામ આર્યસમાજોના યુવા વર્ગને પ્રોત્સાહન અને પ્રેરણા મળે તે હેતુથી યુવાઓ માટે ખાસ વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યું છે. આજના યુવાનોને વૈદિક સંસ્કૃતિ તરફ પાછા વાળવા માટે આર્યસમાજ સુરત દ્વારા આ એક અનોખી પહેલ કરવામાં આવી છે. આ રમતોત્સવના માધ્યમથી



યુવાઓ આર્યસમાજમાં આવે અને વૈદિક વિચારધારાને પોતાના જીવનમાં સ્થાન આપે તેવી ઉમદા ભાવના સાથેના આ આયોજનમાં કબ્બડી, ક્રિકેટ, કુસ્તી જેવી અનેક સ્પર્ધાઓનું આયોજન કરાશે. અને આ સ્પર્ધાઓમાં ગુજરાતભરની તમામ આર્યસમાજોની ટીમોને આમંત્રણ આપવામાં આવશે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા તમામ આર્યસમાજોને ટીમ તૈયાર કરવા આર્યસમાજ સુરત તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

આ સ્પર્ધામાં વિજેતા થનાર ટીમોને ઈનામી ટ્રોફી તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. આર્યસમાજ, સોની ફળીયા,સુરત દ્વારા આ સ્પર્ધાઓનું આયોજન કરવા માટેની તૈયારીઓ લગભગ પૂર્ણ કરી દેવામાં આવી છે અને તારીખની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

सन्तोषं परमास्थाय सुखार्थी संयतो भवेत् ।
सन्तोषमूलं हि सुखं दुःखमूलं विपर्ययः ॥

मनुस्मृति ૧૨(૫)

સુખ ઈચ્છનાર વ્યક્તિ અત્યંત સંતોષ ધારણ કરીને અધિક ધન-સંગ્રહ ઈચ્છા ન રાખનાર બને કેમ કે સંતોષ સુખનો આધાર છે અને તેનાથી ઊલ્ટું અસંતોષ દુઃખનો આધાર છે.

**તંત્રી સ્થાનેથી....**

## કાશ્મીરી પંડિતોનું પુનર્વસન કરવું સરકારની જવાબદારી છે

કેન્દ્રમાં ભારતીય જનતા પાર્ટીની સરકાર સત્તા સ્થાને આરૂઢ થતાની સાથે જ કાશ્મીરના વિસ્થાપીત કાશ્મીરી પંડિતોને તેમના પુનર્વસનની આશા બંધાઈ હતી. ચૂંટણીની જાહેર સભાઓમાં પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કાશ્મીરી પંડિતોને પુનર્વસન માટેનું વચન આપ્યું હતું. કાશ્મીરમાં પીડીપી સાથે ગઠબંધનની સરકાર બનાવ્યા પછી તેમના કોમન મીનીમમ પ્રોગ્રામમાં પણ તેનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ અગાઉ પણ યુપીએની સરકાર દ્વારા આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ સલામતીની વ્યવસ્થા પુરી પાડવાની ખાતરી યુપીએની સરકાર આપી શકી ન હતી.

આ સમસ્યાના મુળમાં નહેરૂએ સ્વીકારેલા સંયુક્ત રાષ્ટ્રસંઘનો એ પ્રસ્તાવ છે કે જેમાં અહીં લોકમત મેળવીને કાશ્મીરને કાયમ માટે ભારતથી વિખુટુ પાડી દેવું. પોતાના આ વ્યુહને પાકિસ્તાને બહુ ઘાતકી રીતે અમલમાં મુક્યો અને હજારો કાશ્મીરી બ્રાહ્મણોએ અપાર યાતના સહેવાની આવી. ખાસ કરીને ૧૯૮૯-૯૦ના અરસામાં તેમજ હઝરતબાલ પર કબ્જાની આતંકવાદી ઘટના પછી બ્રાહ્મણો પર હુમલાના, હત્યાના, લૂંટફાટ અને બળાત્કારના બનાવો એટલી હદે વધી ગયા કે પછી કાશ્મીરી બ્રાહ્મણો માટે ઘરઆંગણું દોઝખ બની ગયું.

કાશ્મીરી પંડીતોનું પુનર્વસન કરવું એ દરેક સરકારની ફરજ રહી છે અને એક પણ સરકારે આ દિશામાં એક ડગલું ય કામ કર્યું નથી એ વરવી હકીકત છે. ભાજપની સરકારે આ દિશામાં પોતાનો અગ્રતાક્રમ હોવાનું સ્વીકાર્યું છે. ભાજપે રાજ્ય સરકાર સમક્ષ મૂકેલી યોજના મુજબ પંડિતો માટે અલગ કોલોની વસાવવાની માંગ છે. પીડીપી અને ખીણ વિસ્તારના મુસ્લિમો આ અલગ કોલોનીનો વિરોધ કરી રહ્યા છે. સ્વયં કાશ્મીરી પંડિતો અઢી દાયકા પૂર્વેના જુલ્મોના એવા ઓથાર હેઠળ જીવી રહ્યા છે તે તેઓ સો ટકા સલામતી ન હોય તો વતનમાં ફરવા તૈયાર નથી. આ મુદ્દાએ રાજકીય રંગ લઈ લીધો છે. આ એક એવો મુદ્દો છે જેની સાથે હરએક ભારતીય દિલથી જોડાયેલો છે. આશા રાખીએ કે ભારતીય સંસ્કૃતિના રખવૈયાના આ બેઘર, બેસહારા ભટકતા વારસદારોનું નીજભૂમિમાં યોગ્ય પુનર્વસન થાય....

# બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ તેની વાણીમાં છે અને તે દ્વારા તે રાષ્ટ્રની સેવા કરે છે

અથર્વવેદના પાંચમા કાંડનું અઢારમું સૂક્ત 'બ્રહ્મગવી સૂક્ત' નામે પ્રસિદ્ધ છે. અહીં 'બ્રાહ્મણ' શબ્દ લૌકિક ન લેતાં અર્થાત્ એક અભણ, પરોપજીવી, ભોજન બનાવનારો આદિ ધંધો કરનાર નથી, પરંતુ વેદમાં બ્રાહ્મણનું ચિત્ર કંઈ ઓર જ છે. વેદમાં બ્રાહ્મણ મુખ્યસ્થાનીય માનવામાં આવેલ છે. મુખની જેમ તે બિલકુલ નિઃસ્વાર્થ વ્યક્તિ છે. કેવળ પોતે જ ભોગનાર નથી, બીજાને જ્ઞાન-દાન દ્વારા અને યજ્ઞ દ્વારા નિરંતર ઉપકાર કરનાર વ્યક્તિ છે.

આ સૂક્તમાં બ્રાહ્મણનું વર્ણન પ્રજાના સંબંધમાં આવેલ છે. આથી આ સૂક્તનો બ્રાહ્મણ 'પ્રજાનો નિઃસ્વાર્થ સેવક' ના રુપમાં પ્રસ્તુત છે.

**नैतां ते देवा अददुस्तुभ्यं नृपते अत्तवे ।**
**मा ब्राह्मणस्य राजन्य गां जिघत्सो अनाद्याम् ॥**

(नृपते !) હે રાજા (ते देवाः) તે પ્રસિદ્ધ દેવતાઓએ (एतां) બ્રાહ્મણની આ વાણી-ગૌ (तुभ्यं) તને (अत्तवे) ખાઈ જવા માટે (न अददुः) આપી નથી. (राजन्य) હે ક્ષત્ર-શક્તિયુક્ત રાજા ! તૂ (ब्राह्मणस्य) બ્રાહ્મણની (अनाद्यां) કદી પણ ન ખાવાયોગ્ય કે કદી પણ ખાઈ ન શકાય તેવી (गां) આ વાણીને (मा जिघत्सः) ખત્મ કરી નાંખવાની ઈચ્છા ન કર.

આ મંત્રમાં કહેવામાં આવ્યું છે- બ્રાહ્મણની વાણી રાજાને તે દેવતાઓએ આપી છે, પરંતુ તે ખાવા માટે તેઓએ આપી નથી. આ પ્રસિદ્ધ દેવતા કોણ છે, જેનું નામ પણ લેવામાં આવશ્યકતા સમજવામાં આવી નથી ?

વેદના દેવતા- અગ્નિ, ઈન્દ્ર, વરુણ, સોમ આદિ પ્રસિદ્ધ જ છે. દેવાધિદેવ પરમાત્મા છે. આ જગત પર તે પરમદેવનું અટલ અને પૂર્ણ શાસન છે. તે એકદેવ પોતાની જે ભિન્ન ભિન્ન શક્તિઓ દ્વારા જગતનું શાસન કરી રહ્યાં છે, તે જ શક્તિઓ આ વેદના અનેક દેવતાઓ છે. અગ્નિ, ઈન્દ્ર, વરુણ આદિ પરમાત્માની ભિન્ન ભિન્ન શક્તિઓ છે. મનુષ્ય રાજા પણ પોતાના નાના રાષ્ટ્ર પર પોતાની અલ્પશક્તિ અનુસાર અપૂર્ણ શાસન કરે છે. મનુષ્ય રાજાની શાસન-વિધિના અંગભૂત ઘણા બધા વ્યક્તિઓ હોય છે. રાજાને પોતાના રાષ્ટ્રના ભિન્ન ભિન્ન વિભાગો સાથે તે જ સંબંધ હોય છે જે પરમાત્માનો અગ્નિ, વાયુ આદિ દેવતાઓ સાથે હોય છે. આ જ અર્થમાં મનુએ રાજાને સર્વદેવમય કહ્યાં છે. મનુસ્મૃતિના સાતમા અધ્યાયના ૩ થી ૧૧ સુધીના શ્લોક આ સંબંધમાં પઠનીય છે. તેમાંથી બે શ્લોક નીચે મુજબ છે :

**इन्द्रानिभयमार्काणामग्नेश्च वरुणस्य च ।**
**चन्द्रवित्तेशयोश्चैव मात्रा निहृत्य शाश्वती : ॥**
**साऽग्निर्भवति वायुश्च सोऽर्कः सोमः स धर्मराष्ट्**
**स बुवेरः स वरुणः स महेन्दः प्रभावतः ॥**

તેમાં કહેવામાં આવ્યું છે - ઈન્દ્ર, વાયુ, યમ, સૂર્ય, અગ્નિ, વરુણ, સોમ, કુબેર આ આઠ દેવતાઓના અંશ લઈ રાજા બને છે. રાજાના આઠેય વિભાગોમાં શક્તિ આ આઠ દેવતાઓમાંથી આવી છે. શુક્રનીતિકારના પ્રથમ અધ્યાયના ૭૧ થી ૮૧ સુધીના શ્લોકોમાં આની વ્યાખ્યા છે. આ એ જ પ્રસિદ્ધ દેવતાઓ છે જેઓએ મનુષ્ય રાજાને બધી વસ્તુઓ-બધી શક્તિઓ આપી છે. અહીં જેમ અગ્નિ,ઈન્દ્રાદિ દ્વારા રાજાને ઘણી બધી વસ્તુઓ રાજય કરવા માટે મળી હોય છે, તેમ બ્રાહ્મણની વાણી (અર્થાત્ બ્રાહ્મણ દ્વારા પ્રજાને ઉપદેશ આપવામાં આવે, શિક્ષા આપવામાં આવે, પ્રજાને સન્માર્ગ દેખાડવામાં આવે) પણ એક ભારી મૂલ્યવાન વસ્તુ મળે છે. બ્રાહ્મણની વાણી શું, બ્રાહ્મણ જ મળે છે. બ્રાહ્મણનું બ્રાહ્મણત્વ જ તેની વાણીમાં છે, વાણી દ્વારા જ તે રાષ્ટ્રની સેવા કરે છે. આ બ્રાહ્મણ-વાણી એક ખૂબ મહત્વની વસ્તુ દેવતાઓએ અથવા તો એમ કહી શકાય કે પરમાત્માએ રાજાને પ્રદાન કરી

### ..વેદવાણી
**- આચાર્ય અભયદેવ વેદાલંકાર**

છે, પરંતુ તે ખાઈ જવા માટે નથી હોતી.

હા, પહેલા તો અહીં રાજાને વેદે સ્મરણ કરાવ્યું છે કે આ બ્રાહ્મણ-વાણી જેવી પવિત્ર વસ્તુ દેવતાઓ (પરમાત્મા) દ્વારા આપવામાં આવેલી છે. પછી એ પણ સ્મરણ કરાવ્યું છે કે કયા કાર્ય માટે આપવામાં આવી છે. તેને ખાઈ જવા માટે કદાપિ આપવામાં આવી નથી, આ તો સ્વાધીનતાપૂર્વક રાષ્ટ્રમાં જ્ઞાન ફેલાવે, સન્માર્ગ દેખાડી રાષ્ટ્રનું કલ્યાણ કરે, એટલા માટે આપવામાં આવી છે. આનું પાલન-પોષણ કરવું જોઈએ, આને વધારવી જોઈએ.

રાજાને ઘણી બધી ચીજો ખાઈ જવા માટે આપવામાં આવી છે. રાજામાં યમદેવતાનો અંશ ખાસ કરીને આ કારણે જ હોય છે. રાજાનું કામ અહી સારાઈને, રાષ્ટ્રહિતની વસ્તુઓ ઉત્પન્ન કરવા, વૃદ્ધિ કરવા અને ફેલાવવા માટે છે. આ ઉપરાંત રાષ્ટ્ર માટે અનર્થકારી વસ્તુઓનો નાશ કરવો, સમાપ્ત કરવાનો પણ છે. બધી બુરાઈઓને, અપરાધોને, અશાંતિને, અવ્યવસ્થાને, બળવાન દ્વારા નિર્બળોની સતામણી, બધા અન્યાયને નષ્ટ કરવા

**બ્રાહ્મણ-વાણીને રોકવું, બાંધવું, નાશ કરવું મોટું જઘન્ય પાપ છે, કારણ કે તે પાલન કરવા યોગ્ય છે. આ એક મોટી ગૌ-હત્યા છે, કારણ કે તે વેદોની વસ્તુનો ઘોર દુરુપયોગ છે.**

જોઈએ. આ બધી ચીજોને તેણે યમ બનીને ખાઈ જવી જોઈએ. પરંતુ બ્રાહ્મણની વાણી એવી ચીજ નથી જેનો નાશ કરવામાં આવે, આ તો દેવોથી પ્રાપ્ત વસ્તુ પાલન-પોષણ માટે છે. જો આ વાણી-ગૌને પાળી-પોસવામાં આવે તો તેના બદલામાં આનાથી હજાર ગણું પ્રતિફળ આપી રાષ્ટ્રને નિહાલ કરી દે છે.

આ વાણી ગૌ 'અનાદ્યા' છે- કદી પણ નાશ કરવા યોગ્ય નથી. આ અનાદ્યા શબ્દ જ આ મંત્રનો મુખ્ય શબ્દ છે. આનો અર્થ 'अत्तुमशक्या અર્થાત્ જેનો નાશ ન કરી શકાય તેવી' એમ કરવું પણ બરાબર છે. આ અર્થનું સ્પષ્ટીકરણ તો આગલા મંત્રોમાં સ્વયમેવ થઈ જશે. અહીં તો 'આ ખાવાયોગ્ય, નષ્ટ કરવાયોગ્ય નથી' એમ સમજવું જોઈએ. જેમ ''अघ्न्या' ગૌ (ન મારવા યોગ્ય) કહેવાય છે, તેમ અહીં આને 'अनाद्या' નામથી પોકારવામાં આવ્યું છે. બ્રાહ્મણ-વાણીને રોકવું, બાંધવું, નાશ કરવું મોટું જઘન્ય પાપ છે, કારણ કે તે પાલન કરવા યોગ્ય છે. આ એક મોટી ગૌ-હત્યા છે, કારણ કે તે વેદોની વસ્તુનો ઘોર દુરુપયોગ છે. આમ તો વાણી-માત્ર જ 'अनाद्या' ('अवन्धनीया) હોય છે. દરેક વ્યક્તિને વાણી-સ્વાતંત્ર્ય હોવું જોઈએ. પરંતુ બ્રાહ્મણની વાણી જ બ્રાહ્મણનું મુખ્ય સાધન છે, જેમ પહેલા સ્પષ્ટ કરવામાં આવ્યું છે. અન્યોની વાણી તો અજ્ઞાનના કારણે કે સ્વાર્થવશ નુકશાન પણ કરતી હોય છે, પરંતુ જ્ઞાની, નિઃસ્વાર્થ બ્રાહ્મણની વાણીમાં તો સદાય કલ્યાણ જ ભરેલું હોય છે. આ વાણીની રક્ષામાં જ સમાજની રક્ષા છે. આથી આ વાણીની રક્ષા કરવી એ તો ગાય પશુની રક્ષા કરવાથી પણ ઘણી અધિક આવશ્યક છે. બ્રાહ્મણ-વાણીના ઈશારાથી લાખો ગાયોની રક્ષા થઈ શકે છે. આથી આ સૂક્તમાં બ્રાહ્મણ-વાણીને વારંવાર 'अनाद्या' વિશેષણથી પોકારવામાં આવે છે.

# उपासक को चाहिये कि वह उस प्रकाशस्वरुप प्रभु के ज्ञानप्रकाश में विद्यमान रहता हुआ अर्थ का उपार्जन करे

**देवो देवभिरागमत् ।**

**ऋ० १.१.४**

**अन्वयार्थ :-** वह (**देवः**) अग्निस्वरुप-प्रकाशस्वरुप-ज्ञानस्वरुप प्रभुदेव (**देवेभिः आगमत्**) दिव्य गुणों के द्वारा प्राप्त होता है वा हमारे भीतर अपने दिव्य गुणों के साथ अभि-व्यक्त होता है।

**व्याख्या :-** वह अग्निरुप, वह ज्ञानस्वरुप, वह प्रकाशस्वरुप दिव्य देव आता है, हमें प्राप्त होता है, हमारे अनुभव में आता है, हमारे साक्षात्कार का विषय बनता है, हमारी तृप्ति, हमारे आनन्द का कारण बनता है। परन्तु वह दिव्य देव (**देवेभिः आगमत्**) दिव्य गुणों के द्वारा आता है, दिव्य कर्मो के द्वारा आता है, दिव्य स्वभावों के द्वारा आता है। इसलिये यदि कोई स्तोता-भक्त-उपासक हृदय से यह चाहता है कि वह दिव्य देव आए, उसका उसे साक्षात्कार हो, उसका उसे साक्षात् अनुभव हो, तो उसे चाहिये कि वह अपने गुण-कर्म-स्वभावों को दिव्य बनाए, वह अपने सोचने-विचारने, रहने-सहने, खाने-पीने, बैठने-उफने, चलने-फिरने, सोने-जागने, पढने-लिखने, कहीं जाने-आने, देने-लेने आदि-आदि सर्व कर्मो को सब व्यवहारों को दिव्य बनाए, अनुपम बनाए, औकिक बनाए अर्थांत पवित्र बनाए।

### वैदिक रश्मि
**४ आचार्य रामप्रसाद वेदालंकार**

सचमुच जिस दिन यह साधक अपने विचारों को दिव्य बना लेगा, अपने व्यवहारों को उत्तम बना लेगा तो निःसन्देह उस समय तब यह अन्य सामान्य जनों से बहुत उपर उठ जायेगा, बहुत आगे बढ जायेगा। उस समय जब ऐसा व्यक्ति कुछ विचारेगा तो तब वह ऐसा लगेगा जैसे कि कोई देव (देवता) कुछ विचार कर रहा हो, जब वह कुछ पढेगा-लिखेगा तो ऐसा लगेगा जैसे कि कोई देव पढ-लिख रहा हो, जब वह कुछ बोलेगा तो ऐसा लगेगा जैसे कि कोई देव बोल रहा हो, जब वह कहीं बैठेगा तो वह ऐसा लगेगा जैसे कि कोई देव बैठा हो, जब वह कहीं चलेगा तो ऐसा लगेगा जैसे कोई देव चल रहा हो, जब वह देखेगा तो ऐसा लगेया जैसे कि कोई देव देख रहा हो, जब वह कुछ खायेगा तो ऐसा लगेगा कि जैसे कोई देव खा रहा हो। तात्पर्य यह है कि जब वह कोई भी कार्य करेगा तो वह ऐसा प्रतीत होगवा जैसे कि कोई देव-देवता ही वह कार्य कर रहा हो, या यों कह लीजिये कि तब उसके सर्वविध आचार-व्यवहारों से देवत्व टपकने लगेगा।

इस प्रकार जब उसके जीवन के सर्वविध व्यवहारों से देवत्व प्रस्त्रवित होने लगेगा, अर्थात् जब वह सब प्रकार के स्वार्थो से उपर उठ जायेगा तो फिर ( **देवः आगमत्** ) वह दिव्य गुणों का भण्डार प्यारा परम देव परमात्मा आयेगा। अर्थात् उस साधक को, उस उपासक को उसका साक्षात्कार होने लगेगा, उसका साक्षात् दर्शन होने लगेगा, उसका साक्षात् अनुभव होने लगेगा।

ऐसा दिव्य देव जब आता है तो वह (देवेभिः (सह) आगमत्) अपने दिव्य गुणों के साथ आता है। ऐसे दिव्य गुण-कर्म-स्वभावों के धनी परम देव परमात्मा का जब साधक को साक्षात होने लगता है तो उस प्रभु के दिव्य गुण-कर्म-स्वभावों के साथ उसको उसका साक्षात् होता है। उस समय वह उस प्रभु में, उसके दिव्य गुण-कर्म-स्वभावों में ऐसा समर्पित हो जाता है कि फिर वह भी व्रह्मविद् होकर ब्रह्मवत् प्रतीत होने लगता है। अर्थांत वह भी तब उस प्रभु के रंग में रंगा हुआ, उस प्रभु के ढंग मे ढला हुआ ऐसा तेजोमय, ओजोमय, प्रकाशमय, ज्योतिर्मय, आनन्दमय प्रतीत होने लगता है, जैसा कि इस अग्नि में समर्पित हुआ-अुआ कोयला वा लोहा तेजोमय, ओजोमय प्रकाशमय,, ज्योतिर्यम हुआ-हुआ भासता है।

## આચાર્ય જ્ઞાનેશ્વરજીનો દુબઈથી પ્રેરણાસભર પત્ર ભાગ - ૧

31-3-2015 "ओ३म्" Oman/Dubai

समादरणीय श्री युत

सादर नमस्ते।

ईश्वरकृपयात्र कुशलं तत्रापि भवतु कामये।
आर्य सज्जनों के आमंत्रण पर २३ मार्च को दुबई पहुंचा। यहां पर दर्शन अध्यापन, ध्यान, शंका समाधान तथा प्रेरणा देता हूँ। अवसर प्राप्त करके अन्य देशों में भ्रमणार्थ भी चला जाता हूँ। यह मेरी २१ वीं प्रचार यात्रा है खाडी में तीसरी वार आया हूँ।
विदेशों में सार्वजनिक रूप से प्रतिदिन यज्ञ, सत्संग, प्रवचन, के कार्यक्रम नहीं होते हैं। शनि या रवि या विशेष उत्सव में ही बडे कार्यक्रम होते हैं। श्रोता ५० से १००-१५० तक भी हो जाते हैं पारिवारिक सत्संग में १०-२०-३०-५० तक ही रहते हैं। भाषा का माध्यम हिन्दी ही मुख्य रूप से होता है गौण रूप से अंग्रेजी का भी प्रयोग करता हूं। प्रवचनों में अधिकांश भारतीय ही होते हैं कभी विशेष कार्यक्रमों में विदेशी लोग भी भाग लेते हैं। जब समाज या परिवारों में व्यवस्था हो जाती है तो भोजन वहां पर अन्यथा होटल या स्वयंपाकी बन कर भोजन करता हूँ।
विगत १५ वर्षों से अनेकों देशों में प्रचार. यात्रा करते हुवे यह पाया कि किसी देश में समाज हो या नहीं जहां आर्य हैं वहां विद्वान् प्रचारकों की आवश्यकता है, अमेरिका हो या योरोप_अफ्रिका हो या पूर्व के देश। दर्जनों समाजों वा नगरों में सैंकड़ों की संख्या में आर्य (वैदिक धर्मी) विचार धारा वाले लोग रहते हैं, चाहे वे धन्धा करें या नौकरी उनको प्रेरित करके एक स्थान पर सप्ताह में एकत्रित किया जाये तो थोडे से ही काल में समाज की स्थापना हो सकती है उसके माध्यम से अनेक प्रकार के धार्मिक कार्यक्रम बनाकर वैदिक धर्म का प्रचार प्रसार किया जा सकता है।
विद्वानों की मांग भी बहुत है और उपलब्धि भी बहुत है, बस कमी है तो इस बात की कि कोई माध्यम हो जो इस कार्य को सम्पन्न कर सके। भारत में अनुभवी, प्रौढ, प्रचारकों की एक संस्था बनाकर जिसमें देश तथा विदेश दोनों के अधिकारी महानुभाव हों, प्रचारकों का चयन, नीति निर्धारण, दक्षिणा, मार्ग व्यय, साधन-सुविधा, अवकाश, प्रचार के विषय, समय निश्चय, भोजन, आवास, वाहन, संदेश संचार आदि महत्त्वपूर्ण विषयों से सम्बन्धित लिखित विवरण बनाये। यदि आवश्यकता हो तो विद्वानों का कुछ काल के लिए शिविर [मार्गदर्शन] भी लगाया जा सकता है उनमें से योग्य प्रचारकों का चयन करके उनसे लिखितरूप में अनुबन्ध कराकर प्रचारार्थ विदेश भेजा जाये।

## શું તમે જાણો છો ?

- હોમિયોપેથીની શરૂઆત જર્મનીમાં થઈ, પરંતુ સૌથી વધુ ડોક્ટરો ભારત દેશમાં છે.
- સૌપ્રથમ અવકાશયાત્રા કરનાર યુરી ગાગરીન હતો.
- પારસીઓનું ગુજરાતમાં આગમન આઠમી સદીમાં થયું હતું.
- અમેરિકન સ્વાતંત્ર્યની જાહેરાત ૧૭૭૬માં થઈ હતી.
- દક્ષિણ ધ્રુવનો શોધક એમન્ડસન હતો.
- ફિલિપાઈન્સ ટાપુઓનો શોધક મેગેલન હતો.
- પ્રથમ હવાઈ ટપાલ સેવા અલ્હાબાદથી નૈનિતાલ વચ્ચે શરૂ થઈ હતી.
- સ્વતંત્ર ભારતના પ્રથમ એટર્ની જનરલ મોતીલાલ સેતલવાડ હતા.
- સૌરમંડળનો બીજા નંબરનો કદમા સૌથી મોટો ગ્રહ શનિ છે.
- અવકાશમાં તરતો મુકાયેલા પ્રથમ કૃત્રિમ ઉપગ્રહનું નામ સ્પુતનિક છે.
- એટમિક એનર્જી કમિશનના પ્રથમ અધ્યક્ષ ડૉ. હોમી ભાભા હતા.
- એન્ટિબાયોટિક દવાઓના જનક એલેકઝાન્ડર ફલેમિંગ હતા.
- પ્રાણીના વર્તન અંગેના શાસ્ત્રનું નામ ઈથોલોજી છે.
- સાપને કાન હોતા નથી.
- પૃથ્વી સુર્યની પરીક્રમા કરતાં એક મીનિટમાં આશરે ૧૭૬૦ કિ.મિ. જેટલું અંતર કાપે છે.

# જ્યાં સિદ્ધાંતો સંકળાયેલા હોય ત્યાં સસ્તી લોકપ્રિયતા અથવા સંપત્તિ અને સત્તા ખાતર સમાધાન થવું જોઈએ નહી. : મોરારજી દેસાઈ

મોરારજી દેસાઈનો જન્મ લીપ ઈયર પ્રમાણે ઈ.સ. ૧૮૯૬ના ફેબ્રુઆરીની ૨૯મી તારીખે ગુજરાતના સુરત જીલ્લાના વલસાડ નજીક ભદેલી ગામમાં થયો હતો. તેઓનું કુટુંબ એક મધ્યમવર્ગીય અનાવિલ બ્રાહ્મણ હતું. પિતા રણછોડજી ભાવનગરની એક શાળામાં શિક્ષક હતાં. તેમના માતા લખવા-વાંચવાનું અને સામાન્ય ગણતરીનું કામ જાણતા હતાં. નાનપણમાં પિતાજીનું અવસાન થતાં માતા અને સાત બાળકોવાળા કુટુંબને સહારો આપવાની જવાબદારી તેઓના માથે આવી પડી. તેઓએ ભાવનગર રાજ્યની શિષ્યવૃત્તિના આધારે પોતાનો વિદ્યાર્થીકાળ પૂર્ણ કર્યો.

ઈ.સ. ૧૯૧૨માં મેટ્રિકલ (શાળાન્ત) પરીક્ષા પસાર કર્યા બાદ તેઓ મુંબઈની વિલ્સન કોલેજમાં ઓનર્સમાં પ્રથમ વર્ગ સાથે ગ્રેજ્યુએટ થયા. યુનિવર્સિટી ટ્રેઈનીંગ કોર્ષમાં તેઓ વાઈસ રોયના એક સનદી અધિકારી હતા. ઈ.સ. ૧૯૧૮માં મુંબઈ પ્રાંતની મુલ્કી સેવામાં ભરતી થયા બાદ ૧૨ વર્ષ સુધી વિવિધ હોદ્દા ઉપર સેવાઓ આપી હતી. મોરારજી દેસાઈમાં વહીવટશક્તિ, કુશળતા, રાજનૈતિક, બુદ્ધિ, ન્યાય નિષ્ઠા અને આગ્રહશીલતા તથા ખૂબ જ પ્રમાણિકતા હતા. ગાંધીજીના ૧૧ વ્રતો તેઓએ પોતાના જીવનમાં પાળી બતાવ્યા હતા. તેઓ પોતાના જીવનભર સિદ્ધાંતો, આદર્શોને વળગી રહ્યા હતાં. તેઓ પોતાના ચારિત્ર્ય, પરિશ્રમ અને પુરુષાર્થના પ્રતાપે જીવન તેમજ રાજકારણના ઉચ્ચત્તમ શિખરે પહોંચ્યા હતા. સરકારી કર્મચારીઓને નોકરી છોડી દેવાના ગાંધીજીના આહ્વાનના પ્રતિસાદરૂપે મોરારજીભાઈએ નાયબ કલેક્ટરના તેમના હોદ્દા પરથી ૧૯૩૦માં રાજીનામું આપી દીધું હતું અને નાગરિક અવજ્ઞા આંદોલનમાં જોડાઈ ગયા. ચાર વર્ષ દરમિયાન સ્વતંત્ર સંગ્રામમાં ભાગ લેવા બદલ તેમને ત્રણ વાર જેલ મોકલી દેવાયા. મુંબઈ રાજ્યના મહેસૂલ પ્રધાન, ગૃહપ્રધાન અને મુખ્યપ્રધાન તરીકે અનુપમ કામગીરી બજાવીને કેન્દ્રિય પ્રધાનમંડળમાં વાણિજ્ય પ્રધાન તરીકે રાષ્ટ્રની સેવા બજાવી. અંતે ભારતના વડાપ્રધાનપદે પહોંચી એક સજાગ, શિસ્તપ્રિય, સિદ્ધાંતવાદી અને કુશળ વહીવટકર્તા તરીકેની ઊંચી છાપ ઉપસાવી હતી.

તેમના હસ્તકના મંત્રાલયો એવા તમામ સરકારી કર્મચારીઓને પેન્શન આપવાનું નક્કી કર્યું કે જેમણે સ્વતંત્ર સંગ્રામમાં ભાગ લેવા માટે નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું. પેન્શન મંજૂરીના હુકમ પર સહી કરવાના એક દિવસ પહેલાં તેમણે પોતાનો દાવો જતો કર્યો હોવાની જાહેરાત કરી જેથી ટીકા ન થાય. ઈ.સ. ૧૯૩૮માં પોતાનો હોદ્દો ત્યાગ કર્યા બાદ તેમણે વ્યક્તિગત અવજ્ઞા આંદોલનમાં ભાગ



લીધા બાદ પછીથી હિંદ છોડો આંદોલન અન્વયે ત્રણ વર્ષ અટકાયતમાં રાખવામાં આવ્યા હતાં. તેઓ જ્યારે મહેસૂલ પ્રધાન બન્યા ત્યારે તેમના વહીવટકાળ દરમિયાન જમીન મહેસૂલ, વહીવટ અને પોલીસ તેમજ જેલોની પુનઃરચનામાં લાંબાગાળાના સુધારાઓ દાખલ કરવામાં તેમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેમણે ખેડૂત અને ગણોત બંનેનો વિચાર કરી ઘણાં પ્રગતિશીલ કાયદા ઘડ્યા. મુંબઈ પ્રાન્તની સેવાઓ દરમિયાન તેમની વહીવટી કુશળતા સામર્થ્ય અને પ્રમાણિકતાએ નામના મેળવી હતી.

સત્યપાલનના આગ્રહ વિશેના વિચારો માર્ગદર્શક બને તેવા છે. "સત્યનો આગ્રહ હતો, પ્રથમથી જ કોઈનો ડર રાખવો ન જોઈએ. એવી માન્યતા" એટલે જ તેઓ જે સાચું લાગે તે જ કહેતા. જે કોઈ માણસ નબળો અને ખોટો હોય તો જ સત્ય સહન કરતો નથી. આથી તેઓ ખાતરીપૂર્વક કહેતા કે, જો સત્ય મૃદુતાથી રજૂ ન કરી શકાય અને સાંભળનારના ચિત્તને ધક્કો લાગે તો આપણામાં કંઈક ખામી છે તેવું તેઓ માનતા. તેઓએ તેમની જીવનયાત્રા દરમિયાન જુલાઈ-૧૯૬૨માં ત્રીજી પંચવર્ષીય યોજના સારું વિદેશી સહાય મેળવવા બ્લસેલ્સ, જીનીવા, પેરિસ અને રોમની મુલાકાત લીધી હતી અને ૧૯૬૨ના ઓક્ટોબર દરમિયાન આવા જ કારણોસર વોશિંગ્ટન, ઓટાવા અને જાપાનની મુલાકાતે ગયેલા.

રાજકિય પરિસ્થિતિના અવરોધોના કારણે તેઓએ ઈ.સ. ૧૯૭૯માં વડાપ્રધાનપદેથી રાજીનામું આપી દીધું અને થોડા સમય બાદ સક્રિય રાજકારણમાંથી નિવૃત્તિ લીધી. તેમનામાં સ્વદેશી અને રાષ્ટ્રવાદી શિક્ષણ પ્રત્યે દ્રઢ આસ્થા હતી. અમદાવાદ ખાતેની ગુજરાત વિદ્યાપીઠના કુલપતિ તરીકે, ગુજરાતની એક ગ્રામ્ય યુનિવર્સિટી લોકભારતી તેમજ સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક અને સામાજીક સંગઠનો સાથે ગાઢ સંપર્કમાં સંકળાયેલા હતા.

એક રાષ્ટ્રીય નેતા તરીકેનો તેમનો મોભો પાંચ દાયકા જેટલા લાંબા ગાળાનો દેશને સમર્પિત સેવાઓના બિરૂદ સ્વરૂપ આપવાનો હતો. માનવ કલ્યાણ માટે તેમની ચિંતા વિશુદ્ધ હતી. તેમની દ્રઢતા, સત્ય માટેની પ્રાપ્તિ માટેના સાધનોની શુદ્ધતા પ્રત્યેના તેમના અડગ વલણોએ ક્યારેક ગેરસમજ ઊભી કરી હતી. પીઢ ગાંધીવાદી નેતા મોરારજી દેસાઈ કાયમ ખાદી પહેરતા, સાત્વિક ખરા પણ કર્મકાંડી નહીં, શાકાહારી, નૈસર્ગિક, ઉપચારના સમર્થક, ક્યારેક ધૂમ્રપાન કે મદ્યપાન ન કરનાર મક્કમ નોબળ ધરાવનાર વ્યક્તિ હતાં. સત્ય અને નીતિમત્તા સાથે સમાધાન કરવું તેમના ચારિત્ર્યની લાક્ષણિકતા વિરુદ્ધ હતું. દેશ પ્રત્યેની તેમની સુદીર્ઘ અને વિલક્ષણ સેવાઓની કદરરૂપે મોરારજીભાઈ દેસાઈને ભારતનું સર્વોચ્ચ સન્માન ભારતરત્નથી સન્માવામાં આવ્યા હતા. એ જ રીતે પાકિસ્તાને તેના દેશનો સર્વોત્તમ ખિતાબ નિશાન એ પાકિસ્તાન અર્પણ કર્યો હતો.

તેમણે દેશના યુવાનોને હંમેશ કહેલું કે યુવાનોએ ભય વિહોણું અને સત્યનિષ્ઠ જીવન ગાળવું જોઈએ, તેઓએ નમ્ર થવું ઘટે. દેશના મૂલ્યોથી વિપરિત હોય એવું કશું તેમણે સ્વીકારવું જોઈએ નહીં. ઊંચુ લક્ષ્ય રાખી સમર્પણ ભાવ રાખી દેશની સેવા કરવી જોઈએ. આવા રાજર્ષિશ્રી મોરારજીભાઈ દેસાઈ ફેબ્રુઆરી, ૧૯૯૫માં ૧૦૦મા વર્ષમાં પ્રવેશ્યા એવા તેઓ ૧૦મી એપ્રિલ ૧૯૯૫ના રોજ અવસાન પામ્યા. તેમના ઉત્તમ ગુણોએ રાષ્ટ્રીય નેતાઓના સ્મૃતિ મંદિરમાં સદૈવ તેમનું સ્થાન સુનિશ્ચિત કરી લીધું છે. આવનારી પેઢીઓ તેઓને એક સાચા ગાંધીવાદી, સ્વાતંત્ર્ય સંગ્રામના મહારથી અને સમર્થ વહીવટકર્તા તરીકે યાદ કરશે.

● સરલા નાયક

# भारत में विवादित भाषा संस्कृत पर शोध के लिए जर्मन नागरिक को मिला पद्मश्री पुरस्कार

संस्कृत भारत की वैदिक भाषा है। इस भाषा को वर्तमान विश्व का सबसे अत्याधुनिक अंतरिक्ष शोध संस्था नासाने भी माना है यह दैवीय भाषा है, यह खगौलीय भाषा है। हालांकि भारत जहां की यह मूल भाषा है यहां की स्कूलों में पढाने पर विवाद हो जाता है और संस्कृत की जगह जर्मन भाषा पढाई जा रही है। लेकिन जर्मनी में संस्कृत पर शोध हो रही है। वहां के विश्वविद्यालयों में संस्कृत भी पढाई जा रही है। इतना ही नहीं, जर्मनी की शोधकर्ता डॉ. एनेटी सच्मीडेसेन को संस्कृत में शोध के लिए भारत के नागरिक सन्मान पद्मश्री से सन्मानित किया गया है।

हम भारत के लोग संस्कृत भाषा को छोड अंग्रेजी और अन्य भाषा की ओर रुख कर रहे है, जोकि हर द्रष्टि से हानिकारक है। जाहिर है डॉ. एनेटी अपने शोध के लिए इन दिनो भारत में रहती है। उनके पति कोलकाता में जर्मन वाणिज्य दूतावास के काउंसल जनरल है। उन्होंने कहा कि वह इस पुरस्कार से खुद को गौरवान्वित महसूस कर रही है। संस्कृत आधारित अध्ययन को भारत के भीतर और बाहर प्रोत्साहित किए जाने की जरुरत है। वहीं भारत में जर्मनी के राजदूत मिसाईल स्टेनर ने कहा कि डॉ. एनेटी को पद्मश्री सम्मान से दोनों देशों के बीच प्राचीन एवं आधुनिक भाषाओं के विकास में नए आयाम खुलेंगे।

गौरतलब है कि देश के केन्द्रिय विद्यालयों में पहले संस्कृत की जगह जर्मन भाषा पढाना शरु किया गया था। मगर जब इसे हटाया गया तो जर्मनी की तरफ से इस पर तीखी प्रतिक्रिया व्यक्त की गई। जबकि, जर्मनी में संस्कृत पर लंबे समय से शोध हो रही है। संस्कृत को विज्ञान की भाषा माना गया है। संस्कृत के ग्रंथो में प्राचीन वैज्ञानिक पद्धति का ज्ञान समाहित है।

दुर्भाग्य से भारत में उस पर अपेक्षित शोध नहीं हुआ है, लेकिन जर्मनी उस पर न सिर्फ शोध कर रहा है, बल्कि विज्ञान के क्षेत्र में उससे लाभान्वित भी हुआ है। हाल में मुंबई साइंस कोंग्रेस के दौरान ये मुद्दा उठा था। वन एवं पर्यावरण मंत्री प्रकाश जावडेरक व वरिष्ठ विज्ञानी विजय भाटकर ने तब माना था कि जर्मनी ने संस्कृत के ज्ञान से वैज्ञानिक तरक्की हासिल की है।

## जर्मनी उस पर न सिर्फ शोध कर रहा है, बल्कि विज्ञान के क्षेत्र में उससे लाभान्वित भी हुआ है।

डॉ. एनेटी ने बर्लिन विश्वविद्यालय से प्राचिन भारतीय इतिहास, संस्कृत और विचारधारा में डिग्री ली है। इसके बाद उन्होंने हमबोल्डट युनिवर्सिटी से उत्तरी भारत में पांचवी से नोंवी शताब्दी के बीच बने बौद्ध केंन्द्रो व उसके गांवो, भूमि एवं धन दान दिए जाने के विषय पर पीएचडी की। बाद में उन्हें इन्टरनेशनल एसोसिएशन ओफ संस्कृत स्टडीज का फेलो भी नियुक्त किया गया। वह लगातार संस्कृत पर शोध कर रही है। १९९२ से उनका भारत आना-जाना है।

# આર્યસમાજ, સુરેન્દ્રનગર દ્વારા આર્યવીર દળ સંસ્કાર શિબિર યોજાશે

**સુરેન્દ્રનગર**

આજના આધુનિક યુગમાં આપણાં અમૂલ્ય ધન એવો આજનો યુવાવર્ગ પશ્ચિમી સંસ્કૃતિનું આંધળુ અનુકરણ નહિં પણ બુદ્ધિ ગમ્ય વસ્તુ અથવા જે જીવન ઉપયોગી છે તે ગ્રહણ કરે તે માટે આર્ય સમાજ સુરેન્દ્રનગર દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમી ગુજરાતના સહયોગથી યુવાનોમાં દેશભક્તિ, સારા સંસ્કાર, વ્યસનમુક્તિ વગેરે વિષયો સાથે શારીરિક શિક્ષાનું પ્રશિક્ષણ આપી આપણા યુવા વર્ગને ચરિત્રવાન બનાવવાના નાનકડા પ્રયાસમાં આપ અને આપણા યુવાનોને શિબિરમાં ભાગ લેવા આર્યસમાજ, સુરેન્દ્રનગર દ્વારા જાહેર અપીલ કરવામાં આવી છે.

આર્યસમાજ મંદિર સુરેન્દ્રનગર ખાતે આગમી તા. ૨૦મી એપ્રિલથી ૩૦ એપ્રિલ સવારે ૭:૩૦ થી ૯:૩૦ દરમ્યાન યોજાનાર આ શિબિરમાં યોગ-ધ્યાન-પ્રાણાયામ, લાઠી દાવ, કરાટે, રાયફલ શુટીંગ, આર્યવીર દળ પરેડ શીખવાડવામાં આવશે. આ ઉપરાંત કરાટેમાં બેઝીક ટ્રેનીંગ લઈ ચૂક્યા હોય તેવા કરાટેના ખેલાડીઓ માટે એડવાન્સ કરાટે ટ્રેઈનીંગ કેમ્પનું આયોજન પણ તા. ૨૦મી એપ્રિલથી ૫મી મે ૨૦૧૫ સુધી સાંજે ૫:૩૦ થી ૮:૦૦ દરમ્યાન સી.યુ.શાહ ઈંગ્લીશ હાઈસ્કૂલ ડેરી સામે, વઢવાણ રોડ સુરેન્દ્રનગર ખાતે કરાટે એડવાન્સ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે.

આ શિબિરનું શુલ્ક માત્ર રૂ.૧૦૦/- રાખવામાં આવ્યું છે. વધુ માહિતી માટે આર્ય સમાજ સુરેન્દ્રનગર મો. - ૯૪૨૭૦-૭૭૭૨૮ તથા શ્રી ચક્રબહાદુર દમાઈ મો - ૯૮૨૪૮-૪૩૬૦૮ ઉપર સંપર્ક કરવા આર્યસમાજ દ્વારા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# ફોટો ગેલેરી



વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ દ્વારા પ્રકાશિત અથર્વવેદ પ્રથમ ખંડને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તથા આર્યસમાજ, સુરતના પ્રમુખ શ્રી આત્મારામભાઈને દયાનંદ ટાઈમ્સના મુખ્ય સંપાદક શ્રી અરવિંદ રાણા, સુરત આર્યસમાજના મંત્રીશ્રી રોહિતભાઈ શર્મા તથા શ્રી મનમોહનજી દ્વારા ભેંટ આપવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર



વાનપ્રસ્થ સાધક આશ્રમ, રોજડ દ્વારા પ્રકાશિત અથર્વવેદ પ્રથમ ખંડને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચૂડાસમાને દયાનંદ ટાઈમ્સના મુખ્ય સંપાદક શ્રી અરવિંદ રાણા, સુરત આર્યસમાજના મંત્રીશ્રી રોહિતભાઈ શર્મા તથા શ્રી મનમોહનજી દ્વારા ભેંટ આપવામાં આવ્યો હતો તે પ્રસંગની તસવીર



કચ્છની એક માત્ર વૈદિક ગુરુકુલ એવી સંત ઓધવરામ વૈદિક ગુરુકુલની મુલાકાત ગુજરાત સરકારના મંત્રી શ્રી તારચંદજી છેડાએ લીધી હતી. આ પ્રસંગે તેમનું હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના આચાર્ય પૂ. સ્વામી શાંતાનંદજી, શ્રી મંગલભાઈ ભાનુશાળી, શ્રી જયંતીભાઈ ભાનુશાળી તથા ટ્રસ્ટીમંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



આર્યસમાજ, જામનગર ખાતે ગત તા. ૩ થી ૫ એપ્રિલ દરમ્યાન સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજક દ્વારા ત્રિદિવસીય ધ્યાન પ્રશિક્ષણ, શંકા-સમાધાન અને આધ્યાત્મિક પ્રવચનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આર્યસમાજ, જામનગર દ્વારા આયોજીત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સ્કૂલના વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. સ્વામીજીએ વિદ્યાર્થીઓને સ્મૃતિ શક્તિ વધારવા કેવી રીતે ધ્યાન કરવું જોઈએ તે શિખવાડ્યું હતું. આ શિબિર દરમ્યાન સ્વામીજીએ ઉપસ્થિત લોકોને પોતાના જીવનના વિકાસ માટે ઉત્તમ ગુણોને ધારણ કરવા તથા દોષોને છોડવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.

### આર્યસમાજ, પોરબંદર દ્વારા આર્યસમાજના ૧૪૧માં સ્થાપના દિવસની ઉજવણી

# સુખ સુવિધાના સાધનો વધતા હોવા છતાં સમાજનું વાસ્તવિક ચિત્ર કથળતું જાય છે : ચંદ્રેશજી આર્ય

પોરબંદર

આર્યસમાજ, પોરબંદર ખાતે આર્યસમાજના ૧૪૧ના સ્થાપના દિવસની બેદિવસીય ઉજવણી કરવામાં આવી હતી.



માનવમાત્રના સર્વાંગી ઉત્થાનની પવિત્ર ભાવનાથી યુગપ્રવર્તક મહર્ષિ દયાનંદ સરસ્વતીજીએ સને ૧૮૭૫માં મુંબઈ ખાતે આર્યસમાજની સ્થાપના કરી હતી.

આર્યસમાજ પોરબંદર ખાતે શનિવાર તા. ૨૧ માર્ચના રોજ સવારે ૯ : ૦૦ કલાકે પુરોહિત કૃષ્ણકાંત શાસ્ત્રી દ્વારા જાણીતા ઉદ્યોગપતિ શ્રી કાન્તિભાઈ મોનાણીની ઉપસ્થિતિમાં સંવત્સરેષ્ટિ યજ્ઞોત્સવ યોજાયો હતો. આર્યસમાજ પોરબંદર દ્વારા યોજાયેલા આ ભવ્ય કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલા ગાંધીધામના વૈદિક પ્રવક્તા શ્રી ચંદ્રેશજી આર્યએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જણાવ્યું હતું કે આજની યુવા પેઢી સોશ્યિલ મીડિયા પાછળ રત છે અને તે ભૌતિક સુવિધાઓમાં સુખ શોધી રહી છે. પરંતુ સાચું સુખ વૈદિક સંસ્કૃતિમાં જ છે. સુખ સુવિધાના સાધનો વધતા હોવા છતાં સમાજનું વાસ્તવિક ચિત્ર કથળતું જાય છે ત્યારે સામાજીક, રાષ્ટ્રીય ચેતના અને આધ્યાત્મિક ચેતના જગાવવા યુવાપેઢીએ જાગૃત બનવું પડશે.

આ પ્રસંગે મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેલાં પોરબંદર નગર પાલિકાના પૂર્વ પ્રમુખ શ્રી સુનીલભાઈ ગોહિલે જણાવ્યું હતું કે દયાનંદ સરસ્વતીજીએ વેદધર્મનો પ્રચાર કરીને લોકોને વેદ તરફ પાછા વળવાનો ઉપદેશ આપ્યો હતો. તેમણે સત્યાર્થપ્રકાશ ગ્રંથ લખીને મૂર્તિપૂજા, ક્રિયાકાંડ, બાળલગ્ન, સતીપ્રથા, અસ્પૃશ્યતા જેવા અનિષ્ટો સામે ઝુંબેશ ચલાવી હતી. ત્યારે વૈદિક-સંસ્કૃતિના પ્રચાર-પ્રસાર માટેના પ્રયાસોને આવકારી પોતાનો આર્થિક સહયોગ આપવાની તત્પરતા દર્શાવી હતી.

જાણીતા શિક્ષણ શાસ્ત્રી ડૉ. એ. આર. ભરડાએ જણાવ્યું હતું કે, સમાજ સુધારણામાં રાજા રામમોહનરાય, રામકૃષ્ણ પરમહંસ, સ્વામી વિવેકાનંદ, જ્યોતિબા ફૂલે, ઠક્કરબાપા જેવા મહર્ષિઓનો મોટો ફાળોછે. તેમાંય વિશેષ ફાળો મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનો છે. ભારતમાં આજે પણ દયાનંદ સરસ્વતીજીની વિચારધારી જીવંત છે. જે સમગ્ર વિશ્વ માટે એક અમૂલ્ય વૈદિક સંસ્કૃતિનો ઉપહાર છે.

આ પ્રસંગ જાણીતા ઉદ્યોગપતિ શ્રી કાન્તિભાઈ મોનાણીએ જણાવ્યું હતું કે સંસ્કારના માધ્યમથી અને આધ્યાત્મિકતા દ્વારા આપણે વિકાસની રાહ ઉપર આગળ વધીએ છીએ. તેઓએ આજના સ્થાપના દિને વૈદિક સંસ્કૃતિના સંસ્કારોથી યુવાપેઢીનું ઘડતર અને ચણતર થાય તે માટે આર્યસમાજ દ્વારા સ્કૂલનું નિર્માણ થાય તેમાં પંદર લાખ રૂપિયાનો સહયોગ આપવાનું આહ્‌વાન કર્યું હતું.

આર્યસમાજના ખીચોખીચ ભરેલા હોલમાં હરિયાણાના પલવલ ક્ષેત્રના શ્રી ઓમપ્રકાશ આર્યએ વૈદિક ભજનો પ્રસ્તુત કરીને સૌને ભાવવિભોર બનાવ્યા હતા. આ તકે આર્ય સમાજમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ વૈદ્યશ્રી છોટીભાઈ સુરાણી તથા ડૉ. રવિભાઈ સુરાણીનું શ્રી કાન્તિભાઈ મોનાણી પરિવાર દ્વારા સ્મૃતિચિહ્ન, ઉપવસ્ત્ર એનાયત કરીને સન્માન કરવામાં આવ્યું હતું. પ્રતિભાવમાં સુરાણી પરિવારે આ ઋણનો સહર્ષ સ્વીકાર કર્યો હતો.

આર્યસમાજના પ્રમુખ શ્રી એચ કે મોતીવરસ, ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ જુંગી, મંત્રી શ્રી ધનજીભાઈ આર્ય, શ્રી કાન્તિભાઈ જુંગી, શ્રી દિલીપભાઈ જુંગીના માર્ગદર્શન હેઠળ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. મુખ્ય માર્ગો પર ફરીને આ શોભાયાત્રા આર્યસમાજ ખાતે સંપન્ન થઈ હતી. ત્યાર બાદ, જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર વૈદિક પ્રેમી લોકોએ મહાપ્રસાદ લીધો હતો. બીજા દિવસે યોજાયેલા કાર્યક્રમમાં ડૉ. જયેન્દ્ર કારીયા, ડૉ. ભરત ગઢવી, શ્રી લાખણશી ગોરાણીયા, શ્રી કોડિયાતર ડૉ. સુરેખા શાહ, ડૉ સુરેશ ગાંધી, ડૉ. સિધાર્થ જાડેજા, ડૉ સોજીત્રાની ઉપસ્થિતિમાં કાર્યક્રમનું આયોજન કરાયું હતું.



આ બે દિવસીય કાર્યક્રમમાં શ્રી હર્ષિતભાઈ રૂધાણી, શ્રી પ્રભુભાઈ ગજ્જર, શ્રી મગનભાઈ સાદીયા, શ્રી કપિલભાઈ કોટેચા સહિત શહેરના સમાજશ્રેષ્ઠી, પ્રબુદ્ધ નાગરિકાએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# આર્યસમાજ, જુનાગઢ દ્વારા સ્વામી વિવેકાનંદજીના વિવિધ કાર્યક્રમોનું આયોજન

જુનાગઢ

આર્યસમાજ, જુનાગઢ દ્વારા ગત તા. ૩૧ માર્ચથી ૨જી એપ્રિલ દરમ્યાન દર્શન યોગ મહાવિદ્યાલય, રોજડના નિદેશક સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌપ્રથમ ૩૧મી માર્ચના રોજ શ્રી જગદીશભાઈના નુતનગૃરહનું વાસ્તુયજ્ઞ સવારે ૮ : ૩૦ થી ૧૦ : ૩૦ દરમ્યાન રાખવામાં આવ્યું હતું. જેમાં સ્વામી વિવેકાનંદજી પરિવ્રાજકજીએ યજ્ઞ, સંધ્યા, વ્યાયામ, સ્વાધ્યાય વગેરેને પોતાની દિનચર્યાના આવશ્યક અંગ બનાવવા ઉપર ભાર મૂક્યો હતો. ત્યાર બાદ સાંજે ૬ : ૦૦ થી ૭ : ૩૦ દરમ્યાન આર્યસમાજ જુનાગઢના હોલમાં સ્વામીજીનું આધ્યાત્મિક પ્રવચન હતું. પ્રવચન બાદ શંકા-સમાધાન દ્વારા લોકોએ પોતાની શંકાનું સમાધાન મેળવ્યું હતું.

સરકારી કોલેજ, ભેસાણ ખાતે સ્વામીજીએ કોલેજના વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક પ્રવચન આપી તેમની શંકાઓનું સમાધાન કર્યું હતું. ૧લી એપ્રિલના રોજ યોજાયેલા આ કાર્યક્રમનું આયોજન ગાંધીનગરના વાનપ્રસ્થિ શ્રી મહેન્દ્રભાઈ ગાંધીના સુપુત્ર શ્રી ભાવપ્રકાશ ગાંધી કે જેઓ આ કોલેજમાં જ પ્રોફેસર તરીકેની ફરજ બજાવી રહ્યા છે તેમણે કર્યું હતું.

કૃષિ યુનિવર્સિટી, ધ્રોલ જુનાગઢ ખાતે યુનિવર્સિટીના અધિકારીઓને સ્વામીજીએ પર્યાવરણ શુદ્ધિના એક કાર્યક્રમમાં સંબોધિત કર્યા હતા. કૃષિ



યુનિવર્સિટીના અધિકારીઓએ ૧૧ કુંડીય યજ્ઞકુંડ દ્વારા પર્યાવરણ શુદ્ધિનું પ્રશિક્ષણ લીધું હતું. ત્યારબાદ સ્વામીજીએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે આપણે આપણી જાતને બુદ્ધિમાન માનીએ છીએ પરંતુ હકીકતમાં બુદ્ધિમાન છીએ નહીં. બુદ્ધિમાન કોને કહેવાય કે જે કોઈ કામને ખોટું માને અને તેને ક્યારેય ન કરે અને જે કામને યોગ્ય માને સાચું માને તો તેને જરૂર કરે તે બુદ્ધિમાન કહેવાય આનાથી ઉલ્ટુ કે જે વ્યક્તિ કોઈ કામને ખોટું જાણે છે છતાં કરે છે તે બુદ્ધિમાન નથી અને જે વ્યક્તિ કોઈ કામને સારૂ જાણે છે છતાં નથી કરતો તે પણ બુદ્ધિમાન નથી. બુદ્ધિમતાની કસોટી આપણું આચરણ છે. જે કાર્ય ખોટું છે સીગારેટ, તમાકુ ગુટકા, દારૂ વગેરેને છોડવા પડશે અને જે સારા કાર્યો છે જેમ કે, વ્યાયામ, યજ્ઞ, જલદી ઉઠવું, પ્રેમપૂર્વક બધા સાથે વ્યવહાર કરવો વગેરે સારા કાર્યો રોજ કરવા પડશે. આપણું આચરણ યોગ્ય કરવું પડશે તો જ આપણે બુદ્ધિમાન બનશું. આ કાર્યક્રમનું સફળ આયોજન અલ્કાબેને કર્યું હતું.

## આર્યવીર દળ, આર્યસમાજ, જુનાગઢ દ્વારા સ્પેશ્યલ સમર કેમ્પનું આયોજન

જૂનાગઢ

આર્યવીર દળ, આર્યસમાજ, જુનાગઢ દ્વારા આગામી તા. ૨૯-૦૪-૨૦૧૫ થી ૩-૦૫-૨૦૧૫ સુધી દરરોજ સાંજે ૪ : ૩૦ થી ૮ : ૦૦ કલાક દરમ્યાન આર્યસમાજ મંદિર દાતાર રોડ, જૂનાગઢ ખાતે સ્પેશ્યલ સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

આપણાં દેશની ભાવિ સંપત્તિ રહેલાં દેશનાં બાળકો તેમજ યુવાનોમાં શારીરિક ક્ષમતા, માનસિક મજબૂતાઈ, બૌદ્ધિક વિકાસ, સ્વબચાવ, સ્વાસ્થ્ય જાળવણી, પ્રકૃતિ પ્રેમ જેવા ગુણો વિકસાવવા માટે આર્યવીર દળ, આર્યસમાજ, જૂનાગઢ દ્વારા પાંચ દિવસીય સમર કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ સમર કેમ્પની ફી માત્ર ૫૦ રૂપિયા જ રાખવામાં આવી છે. આ કેમ્પમાં ભાગ લેવા માટે ઓછામાં ઓછી ઉંમર દશ વર્ષની છે. આ સમર કેમ્પમાં મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો હોવાથી વહેલો તે પહેલોના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. ભરેલા ફોર્મ આર્યસમાજ, દાતાર રોડ, તથા પતંજલિ ચિકિત્સાલય, ગિફ્ટ પેલેસ, રાણાવાવ ચોક ખાતે આપી જવા એક અખબારી યાદીમાં સમર કેમ્પના આયોજક શ્રી કાંતિભાઈ કીકાણીએ જણાવ્યું છે.

# ચરોતર પ્રદેશ આર્યસમાજ, આણંદ દ્વારા વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં સ્વાઈન ફ્લુ ઉકાળાનું વિતરણ

આણંદ

વર્તમાનમાં સમગ્ર જીલ્લામાં સ્વાઈન ફ્લુની અસર જોવા મળી રહી છે. સ્વાઈન ફ્લુથી બચાવ માટે આયુર્વેદનો ઉકાળો અકસીર ઈલાજ છે. આર્યસમાજ-આણંદ છેલ્લા ૮૦ વર્ષથી માનવ ઉપયોગી કાર્યો સતત કરી રહી છે. આયુર્વેદના માધ્યમથી લોકોને શારીરિક સુખાકારી સ્વાસ્થ્ય લાભ થાય તેવા શુભ હેતુથી ચરોતર પ્રદેશ આર્યસમાજ-આણંદ તરફથી સ્વાઈન ફ્લુ ઉકાળા કેમ્પનું આયોજન ગામે-ગામ કરવાનું નક્કી કર્યું છે. તે મુજબ તા. ૯મી માર્ચના રોજ મોગર મુકામે હાઈસ્કૂલના પ્રવેશદ્વાર સામે સ્વાઈન ફ્લુના ઉકાળા કેમ્પનું સફળ આયોજન કરાયું હતું. આણંદ જીલ્લા પંચાયતના પ્રમુખ શ્રી જશવંતસિંહજી સોલંકીના હસ્તે ઉકાળા કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, માનદ્‌મંત્રી આર્કિ. અશોકભાઈ પટેલ, શ્રી વિશ્વદત્ત કે. વાઘેલા, અંતરંગ સભ્યશ્રી કેતનભાઈ પટેલ, વ્યવસ્થાપકશ્રી વિજયકુમાર આર્ય તથા શાખા આર્ય સમાજ મોગરના સભ્યોએ મોટી સંખ્યામાં હાજર રહી ઉકાળા કેમ્પને સફળ બનાવ્યો હતો. આ ઉકાળા કેમ્પનો લાભ ગ્રામજનો, હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, કન્યાશાળા, કુમારશાળા, માધવપુરા પ્રા. શાળાના બાળકો અને શિક્ષકો, આજુબાજુના રહીશો મળીને આશરે ૨૫૦૦ જેટલા વ્યક્તિઓએ લાભ લીધો હતો.



ત્યાર બાદ તા. ૧૦મી માર્ચના રોજ રાસનોલ મુકામે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે સંસ્થા દ્વારા સ્વામઈન ફ્લુના ઉકાળાનો કેમ યોજાયો હતો. સામાજીક કાર્યકર અને અગ્રણી શ્રી મનુભાઈ શાંતીલાલ શેઠના હસ્તે ઉકાળા કેમ્પની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર રાસનોલના ડૉ. અવસ્થીજી, સંસ્થાના પ્રમુખ શ્રી કનકસિંહજી વાઘેલા, માનદ્‌મમંત્રી આર્કિ. અશોકભાઈ પટેલ, અંતરંગ સભ્યશ્રી કેતનભાઈ પટેલ, વ્યવસ્થાપક શ્રી પં. વિજયકુમાર આર્ય તથા રાસનોલ ગામના સામાજીક કાર્યક્ર શ્રી રાજુભાઈ પટેલ વગેરેએ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. આ ઉકાળા કેમ્પનો લાભ ગ્રામજનો, હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, કન્યાશાળા, આંગણવાડીના બાળકો અને શિક્ષકો તથા આજુબાજુના રહીશો મળીને આશરે ૩૦૦૦ જેટલી વ્યક્તિઓએ લાભ લીધો હતો.

૧૧મી માર્ચના રોજ કુંજરાવ મુકામે પરબડી પાસે ઉકાળા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પનું ઉદ્‌ઘાટન કુંજરાવ ગામના માજી સરપંચ અને અગ્રણી શ્રી રમેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાના માનદ્‌મંત્રી આર્કિ. અશોકભાઈ પટેલ, અંતરંગ સભ્યશ્રી કેતનભાઈ પટેલ, વ્યવસ્થાપકશ્રી પં. વિજયકુમાર આર્ય વગેરેએ સતત હાજર રહીને કેમ્પને સફળ બનાવ્યો હતો. આ ઉકાળા કેમ્પનો લાભ ગ્રામજનો, હાઈસ્કુલના વિદ્યાર્થીઓ, કન્યાશાળા, કુમારશાળા, આંગણવાડી, ઘોડીયાઘર, બાલવાડીના બાળકો અને શિક્ષકો તથા પરા વિસ્તારની પ્રાથમિક શાળાના બાળકો તથા આજુબાજુના વિસ્તારોના રહીશો મળીને આશરે ૩૦૦૦ જેટલા વ્યક્તિઓએ લાભ લીધો હતો.



સંત ઓધવરામ વૈદિક ગુરુકુળના આચાર્ય સ્વામી શાંતાનંદજીએ તેમની પ્રચાર યાત્રા દરમ્યાન હરિદ્વાર ખાતે સ્વામી બાબા રામદેવજીની મૂલાકાત લઈ વૈદિક ધર્મને જન-જન સુધી પહોંચાડવા સંબંધિત વિચાર-વિમર્શ કર્યો હતો.

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : હરીશ રાણાએ શ્રી રામપ્રિન્ટર્સ એન્ડ સ્ટેશનર્સ, પ્લોટ નં. ૩૨૭, અજંતા કોમ્પ્લેક્ષ, દેના બેંકની પાછળ, સેક્ટર નં. ૧૬, ગાંધીનગર ખાતે છપાવી પ્લોટ નં.૭૯૧/ડી/૩, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧ જીલ્લો - ગાંધીનગર, ગુજરાત ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

PUBLISHER,OWNER,PRINTER & EDITOR : HARISH RANA PRINTED AT SHREE RAM PRINTERS & STATIONERS, Plot No. 327, Ajanta Complex, B/h Dena Bank, Sector No. 16, Gandhinagar. PUBLISHED AT Plot No. 791/D/3, Panchsheel Park, Sector-21, Dist - Gandhinagar, Gujarat.